PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/કવા–૦૩/૧૭–૧૮/ 9353 તા. 7-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
હરીશભાઈ વિરમભાઈ સાદીયા,
રે. કડીયા પ્લોટ – શેરી નં.–૨
ઠે.વણકરવાસ,
પોરબંદર

**વિષય :–નડતરરૂપ પોલ હટાવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૧/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉધોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ [illegible] નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના [illegible] પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૧/કવા-૦૩/૧૭-૧૮ કમિટી મીટીંગ: તા. ૦૩-૧૧-૧૭ સ્થળ : પોરબંદર

**પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: હરીશભાઈ વિરમભાઈ સાદીયા, ગામ: પોરબંદર

રજુઆત કરનાર: અરજદાર શ્રી હરીશભાઈ વિરમભાઈ સાદીયા હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ઉર્ધોગ નગર- પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)

રજુઆત કરનાર :બી.પી.રાડા (નાયબ ઈજનેર) (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી , પોરબંદર)

## : હુકમ :

**ફરીયાદ : નડતરરૂપ પોલ હટાવવા બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ કડીયા પ્લોટ શેરી નં-૨ - વણકર વાસ - કલાસીક પાન સામે રહેણાંક ઘરાવે છે , જે શેરી નો રસ્તો ૧૨ ફુટ નો હતો. પરંતુ, પીજીવીસીએલ દ્રારા રસ્તામા થાંભલો નાખીને રોડ ને સાંકળો કરી નાખેલ છે, જેથી સદર શેરી માથી મોટા વાહનો ની અવર-જવર મા - માલ સામાન ની હેરફેર માટે તકલીફ પડે છે. જેથી, સદર થાંભલો નડતરરૂપ હોય, અરજદારે તે પોલ ને હટાવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ કડીયા પ્લોટ શેરી નં-૨ - વણકર વાસ - કલાસીક પાન સામે રહેણાંક ઘરાવે છે, જે શેરી નો રસ્તો ૧૨ ફુટ નો હતો. પરંતુ, અરજદાર ની ફરીયાદ અન્વયે જણાવવાનુ કે, સદર સ્થળ ઉપર લોખંડ નો થાંભલો, જે ટેકનીકલી રીતે બરાબર નખાયેલ હતો. અને હાલ મા પણ છે. આ લોખંડ નો થાંભલો અંદાજીત ૧૨ થી ૧૫ વર્ષ જુનો છે. તેમજ આજદિન સુધી કોઈપણ વાહન એમા ભટકાયેલ નથી, અને વાહન ની અવર-જવર મા નડતરરૂપ નથી. તેમજ ફોરમ કમિટી ની મૌખીક રીસર્વે કરવાની રજુઆત અન્વયે - અરજદાર શ્રી ની હાજરી માં તા.૦૩-૧૧-૧૭ ને સમય ૪.૨૦ કલાકના સ્થળ રોજકામ મુજબ, જણાવેલ કે - જો સદર નડતરરૂપ પોલ કાઢવામા આવે તો - નવી જગ્યાએ છેલ્લો પાલ હોવાથી - તાણીયો લગાવવા માટે - જે પોલ ઉભો કરવામા આવે તો બીજા પડોશી શ્રી લક્ષ્મણભાઈ મેઘજીભાઈ ના મકાન / દરવાજા / ગેઈટ ની સામે આવતો હોય, તેઓના હાજર રહેલ પ્રતિનીધી સુમીતભાઈ દ્રારા વાંધો ઉભો કરેલ - જે અરજદાર ની હાજરી મા વાંધો લેવામા આવેલ અને જણાવેલ કે - હૈયાત લોખંડ નો થાંભલો શેરી મા અન્ય કોઈ ને પણ વાહનો ની અવર-જવર મા નડતરરૂપ ન હોય - જે અન્વયે શ્રી લક્ષ્મણભાઈ મેઘજીભાઈ મકવાણા ની લેખીત રજુઆત પીજીવીસીએલ ની સબંધક કચેરી ને તા.૦૪-૧૧-૧૭ ના રોજ પણ આપેલ છે. તેમજ અરજદાર ની હાજરી મા બે પોલ વચ્ચે ની માપણી કરતા ૧૦ ફુટ ખુલ્લો રસ્તો જોવા મળેલ હતો. વધુમા - અત્યાર સુધી મા કોઈપણ વાહન ટકરાવવાનો પ્રશ્ન બનેલ નથી. તદઉપરાંત, જો સદર વીજપોલ ખસેડવામા આવે તો - તેની આગળ ના લોખંડ ના થાંભલા ને ટેકનીકલ સપોર્ટ આપી ફેરવી શકાય તેવી પરીસ્થિતી નથી. |

**: નિષ્કર્ષ :**

**મુદદા નં.-૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| **3.1** | અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ્ કમિટી સંમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની લોખંડ નો થાંભલો ફેરવવાની રજુઆત અન્વયે – અરજદાર ની હાજરી મા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – તા.૦૩–૧૧– ૧૭ ના રોજકામ મુજબ, જણાવેલ કે -- જો સદર નડતરરૂપ પોલ કાઢવામા આવે તો – નવી જગ્યાએ છેલ્લો પોલ હોવાથી – તાણીયો લગાવવા માટે – જે પોલ ઉભો કરવામા આવે તો બીજા પડોશી શ્રી લક્ષ્મણભાઈ મેઘજીભાઈ ના મકાન / દરવાજા / ગેઈટ ની સામે આવત્તો હોય, તેઓના હાજર રહેલ પ્રતિનીધી સુમીતભાઈ દ્વારા વાંધો ઉભો કરેલ, જે અરજદાર ની હાજરી મા વાંધો લેવામા આવેલ તેમજ સદર પડોશીએ લેખીત રજુઆત પણ કરેલ – અને જણાવેલ કે – હૈયાત લોખંડ નો થાંભલો શેરી મા અન્ય કોઈ ને પણ વાહનો ની અવર–જવર મા નડતરરૂપ ન હોય,તેમજ અરજદાર ની હાજરી મા બે પોલ વચ્ચે ની માપણી કરતા ૧૦ ફુટ ખુલ્લો રસ્તો જોવા મળેલ હતો. વધુમા – અત્યાર સુધી મા કોઈપણ વાહન ટકરાવવાનો પ્રશ્ન બનેલ નથી. તદઉપરાંત, જો સદર વીજપોલ ખસેડવામા આવે તો – તેની આગળ ના લોખંડ ના થાંભલા ને ટેકનીકલ સપોર્ટ આપી ફેરવી શકાય તેવી પરીસ્થિતી નથી. આમ, લોખંડ ના થાંભલો ખરેખર કોઈ ને નડતરરૂપ ન હોય, જેથી અરજદાર દ્વારા લોખંડ નો થાંભલો રસ્તામાથી દુર કરવા અંગે ની રજુઆત ને ગ્રાહય રાખી શકાય નહી. તે મુજબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, સવાલવાળો લોખંડ ના થાંભલો ખરેખર કોઈ ને નડતરરૂપ ન હોય, અરજદાર દ્વારા લોખંડ નો થાંભલો રસ્તામાથી દુર કરવા અંગે ની રજુઆત ને ગ્રાહય રાખી શકાય નહી. જે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.